## ચૂંટણી ચોતરેથી

● રાજકોટમાં હાર્દિક પટેલની જંગી જાહેરસભાને પગલે ભાજપ ભારે ચિંતામાં.

● પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરી ત્રીજી અને ચોથી ડિસેમ્બરે સાત ચૂટણીઓ સંબોધશે.

● રાહુલ ગાંધી પણ ફરીથી પાંચમી અને છઠ્ઠી ડિસેમ્બરે સૌરાષ્ટ્ર-કચ્છમાં જાહેરસભા અને રોડ શો કરશે.

● મહેસાણામાં નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ રાજયમાં સૌથી વધુ ઉમેદવારોનો સામનો કરશે.

● મહેસાણા નગરપાલિકાના ભાજપના કોર્પોરેટર વિષ્ણુભાઈ પટેલે ભાજપના તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપ્યું.

● વડગામના જલોત્રા ગામમાં જીગ્નેશ મેવાણીનો ઉગ્ર વિરોધ કરાયો.

● વટવા બેઠક પર કોંગ્રેસના કોર્પોરેટર અતુલ પટેલ અને જમનાબેન બેડાએ ઉમેદવારી પરત ખેંચી.

● જમાલપુર-ખાડીયા બેઠક પર સબીર કાબલીવાલાએ પણ ઉમેદવારી પાછી ખેંચી.

● બાયડમાં ભાજપ કોંગ્રેસના નેતાઓએ દોડગામ કરી છ ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા.

● દેવગઢ બારીયાના ધાનપુરમાં ભાજપ-કોંગ્રેસ આમને સામને થઈ જતા બોલાચાલી અને મારામારી થઈ હતી.

● રાહુલ ગાંધીએ ગઢડાના સ્વામિનારાયણ મંદિર દાદા ખાચરના દરબારની મુલાકાત લીધી હતી.

● યુપીના સીએમની જાહેરસભામાં દલિત અને કોળી સમાજ દ્વારા સાબુ લઈ વિરોધ કરાયો હતો.

● હાર્દિક પટેલ અને ખોડલધામના ચેરમેન નરેશ પટેલ વચ્ચે શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી.

● થરાદમાં અપક્ષ ઉમેદવાર માવજીભાઈ પટેલની જાહેરસભામાં જંગી મેદની.

● વિસનગરમાં એનસીપીના ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચી કોંગ્રેસને સમર્થન જાહેર કર્યું.

● સુરત ખાતે રવિવારે ૩જી ડીસેમ્બરે હાર્દિક પટેલના નેતૃત્વમાં મહાક્રાંતિ રેલી સવારે ૮ થી સાંજે ૬ સુધી સુરતના વિવિધ વિસ્તારોમાં ફરશે અને સાંજે યોગી ચોકમાં મહાક્રાંતિ સભા યોજાશે.

● અમદાવાદની ૧૬ બેઠક ઉપર આજે સાંજે ૭ થી ૯ દરમિયાન મધ્યસ્થ કાર્યાલયોના ઉદ્‌ઘાટન એક સાથે ભાજપ દ્વારા કરાશે. ભાજપના પ્રદેશ નેતાઓ દરેક વિધાનસભા વિસ્તારમાં ઉપસ્થિત રહેશે.

# છોટુ વસાવાને જાનથી મારી નાખવાની ધમકીથી ભારે ચકચાર

ગુજરાત ટ્રાઈબલ પાર્ટીના વડા અને ધારાસભ્ય છોટુ વસાવાએ રાજ્ય ચૂંટણી પંચ સામે પોતાની અને પોતાના અંગત માણસોની હત્યા થઈ શકે છે તેવી દહેશત વ્યક્ત કરી પોતાને પુરતુ રક્ષણ આપવામાં આવે તેવી માંગણી કરી છે. જો કે તેમણે પોતાની હત્યા કોણ કરશે અથવા કોણ કરાવી શકે તેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, વડોદરા રેન્જના ડીઆઈજી અભય ચુડાસમા અને પોલીસ ઈન્સ્પેક્ટર મીની જોસેફના નામનો ઉલ્લેખ કર્યો છે.

ચૂંટણીમાં કોંગ્રેસ સાથે ગઠબંધન કરનાર છોટુ વસાવાએ પંચને ફરિયાદ આપતા જણાવ્યુ છે




કે રાજ્યસભાની ચૂંટણીમાં તેમણે કોંગ્રેસને સાથ આપ્યો હતો. તેમજ અગાઉ અમિત શાહ તેમના મત વિસ્તારમાં તેમની અને તેમના માણસો ઉપર અત્યાચાર ગુજારવા માટે એક ખાસ પોલીસ અધિકારી મીની જોસેફને મુક્યા હતા. પોલીસ લોક આંદોલન કરનારને મારી નાખે છે. હાલમાં ચૂંટણી છે તેના કારણે અમિત શાહના ખાસ પોલીસ અધિકારી અભય ચુડાસમા અને મીની જોસેફ આ વિસ્તારમાં કામ કરી રહ્યાં છે. તેઓ મોતના કાર્યકરના ઘરની તપાસ કરી રહ્યા છે. વસાવાએ દહેશત વ્યક્ત કરી હતી કે અમિત શાહ, અભય ચુડાસમા અને મીની જોસેફે તેમની હત્યા કરી શકે છે. તો આ સંદર્ભમાં ચૂંટણી પંચે હસ્તક્ષેપ કરી તેમને રક્ષણ આપવુ જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૦૭માં છોટુ વસાવાને પકડવાની કોઈ હિંમત કરતુ ન્હોતુ ત્યારે મીની જોસેફ તેમને ઘરમાંથી પકડી લઈ આવ્યા હતા.

# અપક્ષો ભાજપ-કોંગ્રેસની કેટલીક બેઠકો પર કરી શકે છે મતોની ઉલેટફેર

આગામી વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય, પ્રાદેશિક નોંધાયેલા કે બિનનોંધાયેલા રાજકીય પક્ષો ઉપરાંત અપક્ષો મોટી સંખ્યામાં ચૂંટણી મેદાન ઊતર્યા છે. અત્યાર સુધીમાં વિધાનસભાની ૧૨ ચૂંટણીઓ થઈ છે. પરંતુ તેમાં મુખ્ય વાત એ છે કે આ અપક્ષ ઉમેદવારો સરેરાશ કુલ મતદાનના પાંચથી દસ ટકા વોટ ખેંચી જાય છે.

અમદાવાદ જિલ્લાની ૨૧ બેઠકોમાં પણ ભાજપ અને કોંગ્રેસ જેવા મુખ્ય રાજકીય પક્ષ સાથે અપક્ષ ઉમેદવાર પાંચ ટકા વોટ ખેંચી જાય તેવી શકયતા છે. મોટા ભાગના રાજકીય પક્ષો તેમના હરીફ ઉમેદવારને હરાવવા માટે અપક્ષ ઉમેદવારોને ચૂંટણી રણનીતિના ભાગરૂપે મેદાનમાં ઉતારે છે. ૧૯૭૫થી ૧૯૯૫ની ચૂંટણીમાં અપક્ષોએ મોટો ભાગ ભજવ્યો હતો. ૧૯૯૫માં ૧૬ ઉમેદવારો અપક્ષ તરીકે જીત્યા હતા. ત્યારબાદ મોટા ભાગના અપક્ષ ઉમેદવારની સંખ્યા



ઘટતી ગઈ છે. અપક્ષોને સરેરાશ મતદાનના પાંચથી ૧૦ ટકા વોટ મળે છે પરંતુ મોટા ભાગના ઉમેદવારો ડિપોઝીટ ગુમાવે છે. ભાજપ અને કોંગ્રેસની ટક્કર વચ્ચે ગત ચૂંટણીમાં એનસીપીએ ૦.૯૫ ટકા વોટ સાથે ટક્કર આપી હતી તો બહુજન સમાજ પાર્ટીએ ૧.૨૫ ટકા અને ગુજરાત પરિવર્તન પાટીએ ૩.૬૩ ટકા સિહત અપક્ષોએ ૫.૮૩ ટકા વોટ મેળવ્યા હતા.

અપક્ષોએ ૧૫૯૭૫૮૯ વોટ મેળવ્યા હતા. કેટલીક પાર્ટીઓ ૦ વોટ સાથે ચૂંટણી મેદાનમાંથી હટી હતી. ગઈ વર્ષ ચૂંટણીમાં ૬૬૮ ઉમેદવાર અપક્ષ તરીકે ઊભા રહ્યા હતા. તેમાંના ૬૬૨ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ હતી અને એકમાત્ર ઉમેદવારે જીત મેળવી હતી. ૧૯૬૨થી ૨૦૧૨ સુધીમાં ૧૯૭૫ અને ૧૯૯૫ ૧૬થી ૧૯૮૦માં અપક્ષોએ ૧૦ સીટ જીતી હતી, જે ઘટીને ગત વર્ષ એક જ રહી હતી.

આ વર્ષ પણ અપક્ષ ઉમેદવારીનો રાફડો ફાટ્યો છે. ૩૦ તારીખ પછી ચૂંટણીના બીજા તબક્કાના ઉમેદવારોની આખરી લીસ્ટ જાહેર થશે પરંતુ મોટા ભાગના અપક્ષ ડિપોઝીટ ગુમાવશે તો કેટલાક મુખ્ય પક્ષ સાથે ટક્કર ઝીલીને ૨ થી ૩ હજાર વોટનું ગાબડું પાડશે.

# હાર્દિકની ખોડલધામના નરેશ પટેલ સાથે મુલાકાત

ગુજરાત ચુંટણીમાં સત્તાધારી ભાજપને ઘેરવા માટે વિપક્ષ એડીચોટીનુ જોર લગાવી રહી છે. જેમાં હાર્દિક પટેલનુ નામ પણ આગળ પડતુ છે. હાર્દિકે બુધવારે સાંજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના મત વિસ્તારમાં જંગી જાહેરસભા કરીને ભાજપને ખુલ્લો પડકાર ફેંક્યો છે ત્યારે કડીમાં હાર્દિક પટેલે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ સાથે મુલાકાત કરી હતી. મુલાકાત બાદ હાર્દિક પટેલે મુલાકાતને શુભેચ્છા મુલાકાત ગણાવી હતી.

હાર્દિકે જણાવ્યુ હતું કે નરેશભાઈએ મને આશીર્વાદ આપીને એટલુ જણાવ્યુ છે કે તમે જે લડાઈ લડી રહ્યા છો તેને



ઈમાનદારીથી લડજો, સમાજ તમારી સાથે છે. જોકે રાજકીય નિષ્ણાંતો આ મુલાકાતને અલગ રીતે જોઈ રહ્યા છે. રાજકીય નિષ્ણાંતોનુ માનવુ છે કે વિધાનસભા ચુંટણીની રણનીતિ સંદર્ભે આ મુલાકાત યોજાઈ હોઈ શકે છે. જોકે હાર્દિક પટેલે આ મુલાકાત પાછળ કોઈ રાજકીય ઉદ્દેશ્ય હોવાનુ ફગાવી દીધુ હતું. મહત્વનુ છે કે, નરેશ પટેલ લેઉવા પાટીદાર સમાજના કુળદેવી એવા ખોડીયારધામ મંદિર ટ્રસ્ટના ચેરમેન છે અને પટેલ સમુદાયનુ તેમને વ્યાપક સમર્થન પણ છે.

જેથી ભાજપ તેમજ કોંગ્રેસ બન્ને નરેશ પટેલને પોતાના પક્ષમાં લાવવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ નરેશ પટેલે હજી સુધી એકપણ પક્ષને પોતાનુ સમર્થન જાહેર કર્યુ નથી. ગુજરાતમાં કુલ ૧૪ ટકા મતદારો પાટીદાર છે, જેમાંથી લગભગ ૬૦ ટકા લેઉવા પટેલ છે. જ્યારે ૪૦ ટકા કડવા પટેલ છે.

# પાટીદાર-ક્ષત્રિયો કેમ ભાજપથી નારાજ છે

પાલીતાણાની જાહેરસભા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માનગઢ હત્યાકાંડનો ઉલ્લેખ કરી સૌરાષ્ટ્ર પટેલ-ક્ષત્રિય એકતા તોડવાનો પ્રયાસ કર્યો છે, તેવા આરોપ સાથે અનેક રાજપુત નેતાઓ મોદીના આ વ્યવહાર અને નિવેદનને વખોડી કાઢ્યુ છે. પાલીતાણાની સભામાં ૧૮૮૪માં થયેલા માનગઢ હત્યાકાંડનો ઉલ્લેખ કરતા નરેન્દ્ર મોદીએ સભામાં હાજર પાટીદારોને પુછ્યુ હતુ કે આપણે માનગઢ હત્યાકાંડના લોકોને આશીર્વાદ આપવો છે ? અત્રે ઉલ્લેખનિય છે કે ૧૯૮૨માં પાલીતાણા પાસે આવેલા ચૌમલ ગામના ત્રણ ક્ષત્રિયોની હત્યા થઈ હતી, જેનો બદલો લેવા ૧૮૮૪માં ક્ષત્રિયો દ્વારા ૧૧ પાટીદારોની હત્યા કરવામાં આવી હતી. આ હત્યા માનગઢમાં થઈ હોવાને કારણે તેને માનગઢ હત્યાકાંડ તરીકે ઓળખવામાં આવે છે.



વડાપ્રધાન થયા બાદ પણ નરેન્દ્ર મોદીએ પાલીતાણાની સભામાં રાજપુતો અને પટેલો વચ્ચે ભુલાઈ ગયેલા વેરને પરી યાદ અપાવી હતી, જેના કારણે સભામાં હાજર અનેક લોકોને આશ્ચર્ય પણ થયું હતું. સૌરાષ્ટ્રમાં છેલ્લાં લાંબા વર્ષોથી ક્ષત્રિયો અને પટેલ વચ્ચે સંપ થઈ ગયો છે, ત્યારે મોદીનું આ નિવેદન શાંતિને ડોહળી નાકનાર સાબીત થશે તેવુ પટેલે અને ક્ષત્રિયો બન્ને માની રહ્યા છે. ચૌમલ ગામના આગેવાન અને ભાજપના સ્થાનિક નેતા રાજભાએ નરેન્દ્ર મોદીના આ નિવેદને વખોડી કાઢતા જણાવ્યું હતુ કે હું ભાજપમાં હોવા છતાં આ નિવેદનની ટીકા કરૂ છુ. વર્ષોથી જ્યારે બન્ને કોમ શાંતિથી રહે છે, ત્યારે આ મુદ્દો ઉછાળવાની જરૂર ન્હોતી.

આ માનગઢ હત્યાકાંડમાં ક્ષત્રિયો અને પાટીદારોએ સરખુ ગુમાવ્યુ છે. હવે અમે કઈ ગુમાવવા માગતા નથી. જેમના પરિવારમાં હત્યા થઈ હતી તેવા ઠાકરસી પટેલ પોતે પણ ભાજપના નેતા છે, અમે તેમનો પણ સંપર્ક કર્યો હતો તેઓ પણ આ મુદ્દે નારાજ થયા છે. અમે નિર્ણય કર્યો છે કે નરેન્દ્ર મોદીના આ નિવેદનની ટીકા કરતું એક આવેદનપત્ર ક્ષત્રિયો અને પટેલો સાથે કલેક્ટરને આપવામાં આવે.

અત્રે ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદીનું આ ભાષણની ટીપ્પણીઓ સૌરાષ્ટ્રમાં ખુબ વાયરલ થઈ છે. હમણાં સુધી ભાજપ અને નેતાઓ હિન્દુ-મુસ્લિમો તોફાનો માટે બદનામ હતા હવે ચૂંટણી વખતે સૌરાષ્ટ્રમાં પટેલ-ક્ષત્રિયોને સામ-સામે લાવી દેવાની આ ગંદી રમત ખુદ મોદી રમી રહ્યા છે તેનો બધાને આઘાત લાગી રહ્યો છે.

# અમિત શાહ-મોદી જેવા તાનાશાહો સામે લડવા તૈયાર છું : હાર્દિક પટેલ

વિધાનસભા ચૂંટણીને પગલે ભાજપ-કોંગ્રેસ જેવા રાજકીય પક્ષો જોરદાર પ્રચાર કરી રહ્યા છે ત્યારે પાટીદાર અનામત આંદોલન સમિતિના હાર્દિક પટેલ પણ સભાઓને સંબોધન કરી રહ્યા છે. ગઈકાલે મોરબી જીલ્લાના ખાખરેચી ગામ અને રાજકોટ બાદ આજે હાર્દિક પટેલે વાંકાનેરના લુણસરમાં સભા ગજવી હતી.

વાંકાનેર તાલુકાના લુણસર ગામે આજે કિસાન પંચાયત સભા યોજવામાં આવી હતી જે સભાને સંબોધન કરવા હાર્દિક પટેલ આવી પહોંચ્યા હતા. સભાની શરૂઆતમાં લુણસર પાસ ટીમ ઉપરાંત મુસ્લિમ સમાજ, બ્રહ્મસમાજ, ક્ષત્રીય સમાજ, ભરવાડ સમાજ અને કોળી તેમજ દલિત સમાજના આગેવાનોએ ઉપસ્થિત રહીને હાર્દિક પટેલનું સન્માન કર્યુ હતું. હાર્દિક પટેલની સભામાં મોરબી જીલ્લા પાસ કન્વીનર મનોજ પનારા ઉપરાંત વાંકાનેર પાસ ટીમના ભાવેશ વસીયાણી અને કેતન વસીયાણી સહિતના ઉપસ્થિત રહયા હતા.



હાર્દિક પટેલે ખાખરેચી અને રાજકોટ ખાતેની સભામાં પીએમ મોદી પર સીધા પ્રહારો કર્યા હતા જે સિલસિલો લુણસર સભામાં પણ જોવા મળ્યો હતો. ખેડૂતોને પોષણક્ષમ ભાવો નથી મળતા. રોડ-રસ્તા જેવા પાયાના પ્રશ્નો અને ખાનગી શિક્ષણ સામે હાર્દિકે સરકાર પર પ્રહારો કર્યા હતા. તો ભાજપના અમિત શાહ અને મોદી જેવા તાનાશાહ સામે લડવા તૈયાર હોવાનો હુંકાર કરીને મોરબીની સભામાં પીએમ મોદીએ આપેલા ભાષણ પર કટાક્ષ કર્યો હતો.

હોનારતની જાણ થતા પીએમ મોદી ત્રિવેન્દ્રમથી મોરબી દોડી આવ્યા હોવાનું ગઈકાલે સભામાં જણાવ્યું હતું જે મોદીની સ્ટાઈલમાં હાર્દિકે બોલીને તેની મજાક ઉડાવી હતી તેમજ સરકાર પર કટાક્ષ પણ કર્યો હતો.

# તમે અમને નહીં છેતરી શકો : રાજ્યના ૯૦ લાખ આદિવાસી ભાજપ અને કોંગ્રેસ બન્નેને નચાવે છે

## વ્હોટ ઇઝ યોર હોબી... મેમ પ્લેઇંગ ક્રિકેટ, આ શબ્દો છેવાડાના આદિવાસી શિક્ષિત યુવકના છે

## ભારતભરમાં આદિવાસી વસતી ૧૦ કરોડ જેટલી છે અને તેમના હક્કો માટે તેઓ લડી રહ્યાં છે

## રાજ્યની ૧૮૨ વિધાનસભા બેઠકો પૈકી ૬૦ બેઠકો પર આદિવાસી મતદારો નિર્ણાયક સાબિત થાય છે

ગુજરાત એ ૩૩ જિલ્લાનું બનેલું રાજ્ય છે. આમ તો ૩૦ જિલ્લામાં આદિવાસી વસતી વધતા ઓછા પ્રમાણમાં જોવા મળે છે પરંતુ ૧૪ જિલ્લા એવા છે કે જે સામાજીક તેમજ રાજકીય રીતે આદિવાસીઓનું પ્રભુત્વ ધરાવે છે તેથી સ્વાભાવિક છે કે આ જિલ્લાઓમાં ભાજપ અને કોંગ્રેસ બન્ને પાર્ટીની નજર હોય. ૧૯૯૫ સુધી આદિવાસી એ કોંગ્રેસની અસલ વોટબેન્ક ગણાતી હતી પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા પછી નરેન્દ્ર મોદીએ ૨૦૦૭ પછી આદિવાસી વિસ્તારમાં ધ્યાન કેન્દ્રીત કરીને આ જિલ્લાઓને ભાજપમય બનાવી દીધા છે, હવે કોંગ્રેસ તે જિલ્લા પાછા મેળવવા માટે હવાતિયાં મારી રહી છે.

સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે આદિજાતિ સમાજે દેશની સેવામાં ખૂબ જ મહત્વની ભૂમિકા અદા કરી છે. ભારતમભરમાં આદિવાસી વસતી ૧૦ કરોડ જેટલી છે અને તેમના હક્કો માટે તેઓ લડી રહ્યાં છે. ક્યાંક તેઓ સંઘર્ષ કરે છે તો ક્યાંક તેમના વિકાસની ખોખલી યોજનાઓ બને છે. ભારત સરકારની કોઈ યોજના સીધી આદિવાસીને લાભ આપતી નથી, બીજી બાજુ ગુજરાત સરકાર આદિવાસીઓને તેમના હક્કના લાભ સીધા તેમના હાથમાં આપે છે. વનબંધુ કલ્યાણ યોજના થકી ગુજરાત સમગ્ર દેશમાં આજે રોલ મોડલ છે.

૯૦ લાખની વસતીમાં આદિવાસી પ્રભુત્વ ધરાવતી રાજ્યની ૧૮૨ વિધાનસભા બેઠકો પૈકી ૬૦ બેઠકો પર આદિવાસી મતદારો નિર્ણાયક સાબિત થાય છે. ૨૭ બેઠકો તો આદિવાસી ઉમેદવારો માટે અનામત છે એટલે કે તેમાં બીજો કોઈ ઉમેદવાર આવી શકે તેમ નથી. બાકીની ૩૦ બેઠકોમાં આદિવાસી મતદારોને ધ્યાને લઈને ઉમેદવાર પસંદ કરવામાં આવે છે. આ પ્લાનિંગ જેનું મજબૂત હોય તે પાર્ટીને આ ૬૦ બેઠકો પર વિજય મળવો આસાન બની જાય છે.

કેન્દ્ર સરકારની અન્યાયી નિતીઓના કારણે આજે ભારતના ૧૧ રાજ્યોના ૨૫૦ જિલ્લાઓમાં નકસલવાદે ભરડો લીધો છે. ૧૯૬૯માં પશ્ચિમ બંગાળના નકસલ બાડી વિસ્તારમાં ચારૂ મજમુદાર અને કનુ સન્યાલ નામના બે સામ્યવાદી કાર્યકરોએ જમીનદારી નાબૂદ કરવા જમીનદારોને મારી નાંખી તેમની જમીન ભૂમિહિનોને વહેંચી દેવાનું આંદોલન ઉપાડ્યું હતું. તે સમયે જ્યોતિ બસુની સરકારે આ આંદોલનને દબાવી દેવા અનેક પ્રયાસો કર્યા હતા. આજે ૫૨ વર્ષે આંદોલન ત્રણ ચતુર્થાંસ વિસ્તારમાં ફેલાઈ ચૂક્યું છે.

પશ્ચિમ બંગાળ બહાર ૧૯૮૦માં જ્યારે નકસલવાદ બીજા રાજ્યોમાં ફેલાયો ત્યારે આંધ્રપ્રદેશના નકસલીઓએ ૧૯૮૫માં ગુજરાતમાં ત્રણ યુવાનેને નકસલવાદી બનાવ્યા હતા જે પૈકી એક યુવાન મૃત્યુ પામ્યો છે જ્યારે બે યુવાન અન્ય જગ્યાએ સ્થિર થઈ ચૂક્યા છે. આજે ગુજરાતમાં છેલ્લા ૧૨ વર્ષમાં કોઈપણ પ્રકારની નકસલી પ્રવૃત્તિની ઘટના બની નથી. નકસલવાદ એ આકાશમાંથી ટપકતો નથી. આપણી નિતીઓ આદિવાસી સમાજને નકસલવાદ ઉભો કરવા મજબૂર કરે છે. ગુજરાતમાં નકસલવાદ નથી તેના મુખ્ય ત્રણ કારણો છે. એક તો જ્યારે નકસલવાદ શરૂ થયો ત્યારે ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં ગાંધીવાદી કાર્યકરો અને સંસ્થાઓનો પ્રભાવ જામી ગયો હતો. આજે ગુજરાતમાં આદિવાસી વિકાસ બીજા રાજ્યોની સરખામણીએ વધારે છે. સમાજનું શોષણ થતું અટક્યું છે અને લોકો પોતે જાગૃત બનીને સરકાર અને અન્ય સમાજને સહકાર આપે છે. શિક્ષિત આદિવાસી પ્રજા રચનાત્મક કામગીરીમાં લાગી ગઈ છે.




ગુજરાતમાં અન્ય યુવાનોની સાથે આદિવાસી યુવાનોએ સ્કીલ ડેવલપમેન્ટ તાલીમથી ઉત્પાદનક્ષેત્રે નવી તાકાત પૂરી પાડી છે. રાજ્યના ૧૨ આદિવાસી જિલ્લાઓમાં હવે ત્રણ નવા જિલ્લા જિલ્લા ઉમેરાયા છે તેથી આ સમાજનો વિકાસ તેજ ગતિએ થયો છે. માત્ર વોટબેન્ક ઉભી કરવા માગતા કોંગ્રેસના નેતાઓને વિકાસની રાજનિતીનો પડકાર છે.

ભારતના ઈતિહાસમાં મૂળ નિવાસી આદિવાસીઓનો જૂજ ઉલ્લેખ જોવા મળે છે પણ ઈતિહાસના જાણકારો જરૂર કહેશે કે આ શૂરવીર પ્રજાએ મહારાજા રાણા પ્રતાપને કપરા સમયે મદદ કરી હતી. આખા ભારત વર્ષમાં આદિવાસી રાજાઓ હોવા છતાં આપણે ક્યાંય એમના મહેલ જોયા નથી કારણ કે તેઓ પ્રજાનું શોષણ કરતા ન હતા. ડાંગના રાજાઓને આજે પણ શાલીયાણું મળે છે, કેમકે તેમણે અંગ્રેજો સામે લડત આપીને ગુલામી સ્વિકારી ન હતી. મહેલો વગરના ભીલ રાજાઓ અંગ્રેજો સામે લડતા હતા. આ બાબત બતાવે છે કે આદિવાસીઓ કેટલા ખુદ્દાર છે. એકલવ્યનો દાખલો પણ છે કે જે જુલ્મ સામે પોતાની ખાનદાની ભૂલ્યો ન હતો.

ગુજરાતની કુલ વસતીમાં ૧૨ ટકા વસતી આદિવાસીઓની છે. હવે આદિવાસી ક્ષેત્રોમાં પણ શહેરીકરણ વિકસી રહ્યું છે. એક સમય એવો હતો કે ગોવાના કાજુની મોનોપોલી હતી. ગોવા ફરવા જનારા પ્રવાસીઓ કાજુની ભેટ લઈને આવતા હતા, આજે સમય પલટાયો છે. ગોવાના કાજુની સ્પર્ધામાં ટકી શકે તેવા કાજુનું ઉત્પાદન મધ્ય અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં થાય છે. એટલું જ નહીં જમીન વિહોણા આદિવાસી યુવાનોને જે તે વિસ્તારની સહકારી મંડળીઓ તાલીમ આપી કાજુનું પ્રોસેસિંગ અને મૂલ્યવર્ધન કરાવી રોજગારી પુરી પાડે છે.

વ્હોટ ઈઝ યોર હોબી... મેમ પ્લેઈંગ ક્રિકેટ, હુ ઈઝ યોર ફેવરેટ પ્લેયર...મેમ સચિન.. આ શબ્દો એક ટીચર અને સ્ટુડન્ટના છે. કોઈ અંગ્રેજી માધ્યમની સ્કૂલનો આ સંવાદ નથી પણ બારડોલીના મોતા ગામમાં આવેલી એકલવ્ય રેસિડેન્સીયલ સ્કૂલમાં અમેરિકન ટીચર અને આદિવાસી સ્ટુડન્ટનો આ સંવાદ છે. મહાભારતમાં ધનુષ વિદ્યાથી વંચિત રહી ગયેલા એકલવ્યની જેમ આ બાળકો વિદ્યાથી વંચિત ન રહી જાય તે માટે આ પ્રકારની શાળાઓ તૈયાર કરવામાં આવી છે. આ સ્કૂલમાં અમેરિકાથી ટીચરો બાળકોને અંગ્રેજી શિખવવા માટે આવે છે.

ભૂતકાળની સરકારોમાં આદિવાસીઓને વોટબેન્ક માનવામાં આવતી હતી. તેઓ જેટલા અભણ હશે તેટલો વોટમાં ફાયદો થશે તેવું માનતા કોંગ્રેસના નેતાઓ હવે ભિંત ભૂલે છે. છેલ્લી વિધાનસભાની ચૂંટણીઓમાં આદિવાસીઓએ કોંગ્રેસના નેતાઓને રસ્તો દેખાડી દીધો છે. ભાજપને આદિવાસી વિસ્તારમાં કેમ વધારે બેઠકો મળે છે તેનો સર્વે કરાવે તો કોંગ્રેસને ખબર પડશે કે આદિવાસી હવે સાક્ષર બન્યો છે. લોભામણાં વચનોથી વશમાં આવે તેવો નથી.

આટલા વર્ષોમાં આદિવાસી સમાજ પહેલીવાર સમજણો થયો છે તેને હવે ભાજપ કે કોંગ્રેસના નેતાઓ મતો માટે પ્રલોભી શકે તેમ નથી, કારણ કે તે હવે સ્વૈચ્છિક મતદાન કરતો થયો છે. ગુજરાતનો આદિવાસી મોર્ડન બન્યો છે. શિક્ષિત બન્યો છે. તેના હક્ક માટે લડતો થયો છે. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં બન્ને પાર્ટીના નેતાઓનું લક્ષ્ય આદિવાસી વિસ્તારની બેઠકો જીતવાનું છે અને તેથી જ કોંગ્રેસ અને ભાજપના રાષ્ટ્રીય નેતાઓની મુખ્યત્વે સભાઓ આદિવાસી વિસ્તારમાં થાય છે.